भारतीय गैर न्यायिक

एक सौ रुपये Rs. 100

रु. 100 ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

BM 402086



અનુક્રમ નં. ૩૧૭૮૧ તારીખ ૧૧/૧૨/૧૮
સ્ટેમ્પ રૂા. ૧૦૦ નંગ ૧ પૈકી રૂા. .......... નો
ખરીદનારનું નામ રાણાભાઈ ક. કંડારિયા
રહેવાસી .......... હસ્તે હાર્દિક મહેતા
સ્ટેમ્પ લેનારની સહી ..........

(ઘર) : "પારસ"
હસબાઈની મસ્જીદ પાસે,
ધીરજ એપાર્ટમેન્ટ સામે,
જામનગર.

કલ્પેશ પી. શાહ
(સ્ટે.વે.લા.નં.૨/૯૮)
લાલ બંગલા કેન્ટીન
જામનગર.

NOTARY B. D. GOSAI DIST. JAMNAGAR STATE OF GUJARAT-INDIA REG NO. NTR/789/L GOVERNMENT OF GUJ

## સોંગદનામા સહ ઘોષણાપત્ર

શ્રી રાણાભાઈ કચરાભાઈ કંડારીયા, દ્વારકેશ એવન્યું નાં પ્રયોજક દ્વારા તેમના તા. ૧૮-૧૨-૨૦૧૮ નાં અધિકૃતખત અન્વયે અધિકૃત વ્યકિતનું સોગંદનામા સહ ઘોષણાપત્ર.

આથી હું શ્રી રાણાભાઈ કચરાભાઈ કંડારીયા, દ્વારકેશ એવન્યું નાં પ્રયોજક દ્વારા અધિકૃત વ્યકિત, ગંભીરતાપૂર્વક જાહેર કરી, જવાબદારી સ્વીકારી નીચે મુજબ જણાવું છું કે,

(૧) અમો દ્વારા જે જમીનમાં દ્વારકેશ એવન્યુ, રેસીડેન્શીયલ પ્રોજેકટ, જે જામનગર શહેર નાં રેવન્યુ સર્વે નં. ૧૪૫૫/૨ નાં પ્લોટ નં.૨૨, વાસાવીરા સોસાયટી, સર્મપણ હોસ્પીટલ થી જકાતનાકા રોડ, જામનગર ખાતે આવેલ છે તેનો વિકાસ કરવાનો છે, તેનો અમોને કાનૂની માલિકીહકક છે.

Scanned by CamScanner

આવી જમીનનો માલિકી હકક દર્શાવતા કાયદેસર રીતે માન્ય પ્રમાણિકરણ સાથે તેનાં માલિક અને પ્રયોજક વચ્ચેના સ્થાવર મિલ્કત યોજનાનાં વિકાસ માટેનાં કરારની પ્રમાણિત નકલ આ સાથે જોડેલ છે.

(૨) સદર જમીન બધાંજ પ્રકાર નાં બોજા થી મુકત છે.

(૩) અમોએ આ યોજના તા.૩૧-૧૨-૨૦૨૩ સુધીનાં સમયગાળામાં પૂર્ણ કરવાની છે.

(૪) વેચાણ લેનાર પાસેથી સમયાંતરે સ્થાવર મિલ્કત યોજના માટે મળેલી રકમનાં ૭૦% રકમ અમો બાંધકામ નાં ખર્ચને અને જમીનની કિંમતને પહોંચી વળવા માટે રાષ્ટ્રીયકૃત બેન્કમાં એક અલગ ખાતામાં જમા કરાવશું, અને તે હેતુ માટે જ ઉપયોગમાં લઈશું.

(૫) યોજનાનાં ખર્ચ ને પહોચી વળવા માટે યોગ્ય પૂર્ણતાની ટકાવારી નાં પ્રમાણમાં જ આ અલગ ખાતામાંથી રકમ ઉપાડવામાં આવશે.

(૬) માન્ય સ્થપતિ, ઈજનેર અને ચાર્ટડ એકાઉન્ટન્ટ કે જે પ્રેકટીસ કરતાં હોય, તેઓ પ્રમાણિત કરે તે પછી જ આ અલગ ખાતાંમાંથી રકમ ઉપાડવામાં આવશે અનો આવો ઉપાડ યોજના પૂર્ણતાની ટકાવારી નાં પ્રમાણમાં હશે.

(૭) અમો, માન્ય ચાર્ટડ એકાઉટન્ટ પાસે દરેક નાણાંકીય વર્ષનાં અંત પછીનાં છ મહિના ની અંદર યોજનાનાં હિસાબો ઓડીટ કરાવી લઈશું, અને ઓડીટર દ્રારા ચોકકસ યોજના માટે મેળવેલી રકમ ખરેખર તે યોજના માટે ઉપયોગમાં લીધી છે, અને આવો ઉપાડ યોજનાં પૂર્ણતાની ટકાવારી નાં પ્રમાણને અનુરૂપ છે કે તેમ તેની ઓડીટ દરમ્યિાન ચકાસણી કરવામાં આવશે.

(૮) અમો બાકી બધી પરવાનગી, સક્ષમ સતા પાસેથી સમયસર મેળવી લઈશું.

(૯) અમો દ્રારા આ અધિનિયમ હેઠળ કરાયેલાં નિયમો અને વિનીયમોમાં ઠરાવવામાં આવેલ છે તેવા અન્ય દસ્તાવેજો રજુ કરાયેલ છે.

18 DEC 2018

R.K. Kandoriya

(રાણાભાઈ કંડોરીયા)

એકરાર

અમારા ઉપર મુજબનાં સોગંદનામા અને ઘોષણાપત્રની વિગતો સત્ય અને સાચી છે અને તેમાં અમો એ કોઈ પણ વિગતો છૂપાવી નથી.

તારીખ ૧૮-૧૨-૨૦૧૮ નાં રોજ અમોએ એકરાર કરેલ છે.

R.K. Kandoriya

(રાણાભાઈ કંડોરીયા)

SOLEMNLY AFFIRMED BEFORE ME

B. D. GOSAI
NOTARY

4873

18 DEC 2018

Scanned by CamScanner